# 61

**છોટાઉદેપુર જિલ્લામાં જુથ ગ્રામ પંચાયતોની વિભાજન બાબત**

***15/4/2402** શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી જુથ ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્તો સરકારને મળી, | (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ જુથ ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્તની વિગત :– |

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | **૨૦૨૨** | **૨૦૨૩** |
| (૧) | છોટાઉદેપુર | ૦ | ૦૨ |
| (૨) | કવાંટ | ૦૧ | ૦ |
| (૩) | નસવાડી | ૦ | ૦ |
| (૪) | સંખેડા | ૦૨ | ૦ |
| (૫) | બોડેલી | ૦ | ૦ |
| (૬) | જેતપુર પાવી | ૦૨ | ૦૧ |
| **કુલ** | | **૦૫** | **૦૩** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ ગ્રામ પંચાયતનું વિભાજન કરવામાં આવેલ છે. |

| વર્ષવાર વિભાજીત થયેલ મૂળ ગ્રામ પંચાયતનું નામ | | |
|---|---|---|
| **ક્રમ** | **વર્ષ ૨૦૨૨** | **વર્ષ ૨૦૨૩** |
| (૧) | "શૂન્ય" | ૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલી ગ્રામ પંચાયતની દરખાસ્તો કયા કારણે નામંજૂર કરી છે? | (૩) ૦૧(એક) – ગ્રામ પંચાયતની દરખાસ્ત નામંજૂર કરી છે તેમજ ૦૨(બે) ગ્રામ પંચાયતની દરખાસ્ત દફ્તરે/પરત કરેલ છે. |

**નામંજૂર કરવા અંગેના કારણો :-**

**(૧)** છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાની સણોલી જૂથ ગ્રામ પંચાયતમાંથી કુંડી ઉચાકલમ ગામને અલગ ગ્રામ પંચાયતની દરખાસ્ત બાબતે બંને ગામની વસતિ નિયત વસતિના ધોરણ – ૧૦૦૦ કરતાં ઓછી હોવાથી નામંજૂર કરવામાં આવેલ છે.

**દફ્તરે/પરત કરવા અંગેના કારણો :-**

**(૧)** જિલ્લા વિકાસ અધિકારીશ્રી, છોટાઉદેપુર દ્વારા રજૂ થયેલ છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકાની અંબાલા જૂથ ગ્રામ પંચાયતમાંથી લેહવાંટ જુથ, પાડલીયા અને ચલ્લાવાડા ગામને અલગ ગ્રામ પંચાયતની દરખાસ્તમાં મૂળ ગ્રામ પંચાયતની મુદત તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે. ત્યારબાદ, ગ્રામ પંચાયતમાં વહીવટદારની નિમણૂંક કરવામાં આવેલ હતી.

વહીવટદારશ્રી દ્વારા તા.૦૬/૧૦/૨૦૨૨ના પત્રથી મૂળ ગામ અંબાલાની ગ્રામસભાના તા.૧૬/૦૯/૨૦૨૨ના ઠરાવ સાથે વિભાજનની દરખાસ્ત રજૂ કરેલ હતી. જે દરખાસ્ત પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૩૦/૦૮/૨૦૨૨ના ઠરાવની જૂથ પંચાયત/ગ્રામ પંચાયતના વિભાજન અંગેની સમયમર્યાદા બાબતની શરત નં. (૧) "ગ્રામ પંચાયતની ચૂંટણી થયા પછી (ગ્રામ પંચાયતની પ્રથમ બેઠક મળ્યા તારીખથી) ૩(ત્રણ) માસ બાદ વિભાજન અંગેની કાર્યવાહી હાથ ધરી શકાશે" મુજબ સદરહું દરખાસ્ત વહીવટદારશ્રી દ્વારા રજૂ થયેલ હોઈ મૂળ દરખાસ્ત દફ્તરે કરી, અંબાલા ગ્રામ પંચાયતની ચૂંટણી થયા બાદ ઉક્ત શરત અન્વયે પુનઃ દરખાસ્ત રજૂ કરવા જણાવેલ છે.

**(૨)** જિલ્લા વિકાસ અધિકારીશ્રી, છોટાઉદેપુર દ્વારા તા.૨૪/૦૨/૨૦૨૨ના પત્રથી રજૂ થયેલ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાની વાસણા જૂથ ગ્રામ પંચાયતમાંથી વડદલા ગામને અલગ ગ્રામ પંચાયત આપવા અંગેની દરખાસ્તની ચકાસણી કરતાં, વાસણા જૂથ ગ્રામ પંચાયતની તા.૧૬/૦૧/૨૦૨૨ના રોજ મુદત પૂર્ણ થયેલ છે તેમજ તે ગ્રામ પંચાયતની ચૂંટણી તા.૨૧/૧૨/૨૦૨૧ના રોજ યોજાઈ ગયેલ છે. ચૂંટણી બાદ ગ્રામ પંચાયતની નવી ચૂંટાયેલ બોડીની પ્રથમ બેઠક તા.૧૯/૦૧/૨૦૨૨ના રોજ યોજાયેલ છે.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૬/૦૧/૨૦૦૧ના પરિપત્રની શરત નં.(૧) મુજબ "ગ્રામ પંચાયતની ચૂંટણી થયા પછી એક વર્ષ બાદ વિભાજન અંગેની કાર્યવાહી કરવાની રહેશે." જોગવાઈ કરવામાં આવેલ છે, જે મુજબ દરખાસ્તના સમયે વાસણા જૂથ ગ્રામ પંચાયતની ચૂંટણી થયા બાદ નવી બોડી અસ્તિત્વમાં આવેલ હોઈ, ઉક્ત પરિપત્રની શરતની જોગવાઈ મુજબ ગ્રામ પંચાયતની ચૂંટણી થયા પછી એક વર્ષ બાદ વિભાજનની કાર્યવાહી કરવા અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, છોટાઉદેપુરને તા.૨૪/૦૨/૨૦૨૨ના પત્રથી જણાવેલ છે તેમજ મૂળ

દરખાસ્ત જિલ્લા પંચાયતને પરત કરેલ છે.

વધુમાં, ગ્રામ પંચાયતની નવી ચૂંટાયેલ બોડી દ્વારા તા.૨૦/૧૨/૨૦૨૨ના રોજ ઠરાવ કરીને વાસણા જૂથ ગ્રામ પંચાયતની હાલની બોડીની મુદત (તા.૧૮/૦૧/૨૦૨૭ સુધી) પૂર્ણ ન થાય ત્યાં સુધી વાસણા જૂથ ગ્રામ પંચાયતનું વિભાજન ન કરવા ઠરાવ કરેલ છે.

.........................................................................................................